# રાજકોટ પંચનાથ હોસ્પિટલના ડેન્ટલ વિભાગ ખાતે અત્યાધુનિક મશીનનું મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે લોકાર્પણ

## હોસ્પિટલની સફળતાની માહિતીથી માહિતગાર કરતા પુસ્તિકાનું વિમોચન : પાંચ વર્ષમાં કૂલ ૫૧૩૮૯ ડેન્ટલ સારવાર




રાજકોટ,

દર્દીઓ માટે આધુનિક આરોગ્ય સેવામાં વધુ એક મહત્વખપૂર્ણ સુવિધાનો ઉમેરો થયો છે. પંચનાથ હોસ્પિટલ ખાતે અત્યાધુનિક સીબીસીટી મશીન સ્થાવપિત કરવામાં આવ્યું છે.

આ નવી સીબીસીટી સુવિધાનું લોકાર્પણ ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કૌશિક વેકરિયાના હસ્તે પંચનાથ હોસ્પિટલ ખાતે જ કરવામાં આવ્યું હતું. પંચનાથ હોસ્પિટલ દ્વારા હંમેશા આધુનિક તબીબી ટેકનોલોજી સામાન્ય અને જરૂરિયાતમંદ દર્દીઓ સુધી પોસાય તેવા ખર્ચે પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ જ દિશામાં સીબીસીટી મશીનનો ઉમેરો એક મહત્વાપૂર્ણ પગલું છે.

સીબીસીટી એક આધુનિક ૩ડી ઈમેજિંગ ટેકનોલોજી છે, જેના દ્વારા દાંત, જડબા, ચહેરાના હાડકાં, નાક, તથા અન્ય વિસ્તાગરોની વિગતવાર ત્રિ-પરિમાણીય (૩ડી) ઈમેજ મેળવી શકાય છે. સીબીસીટી દ્વારા તબીબોને દર્દીની હાડકાંની રચના, દાંતની સ્થિ તિ તથા અન્યર જરૂરી વિગતો વધુ સ્પષ્ટ રીતે સમજવામાં મદદ મળે છે. તેના આધારે નિદાન અને સારવારનું આયોજન વધુ ચોકસાઈથી કરવામાં મદદરૂપ થાય છે.આ પ્રસંગે ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, મેયર નેહલભાઈ શુક્લસ, ડેપ્યુટી મેયર શ્રી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા શ્રી કમલેશભાઈ વિરાણી શ્રી પુષ્કરભાઈ પટેલ તથા કોર્પોરેટર શ્રી અનિલભાઈ પ્રજાપતિ, શ્રી દર્શનભાઈ પેંગ્યાતર, શ્રી કૌશિકભાઈ ચાવડા, શ્રી કિરીટભાઈ ગોહેલ તથા શક્તિમિનએગ્રો ના શ્રીગુનાકાર રાવ, શ્રીદિપકકુમાર, શ્રીકાનજી ભુવા ની ઉપસ્થિતિમાં મશીનનું લોકાર્પણ કરવામાં આવેલું હતું.

પંચનાથ હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ શ્રી દેવાંગભાઈ માકડ, શ્રી મયુરભાઈ શાહ, શ્રી વસંતભાઈ જસાણી, શ્રી સંદીપભાઈ ડોડીયા, શ્રી નિખિલભાઇ મહેતા,શ્રી ડી.વી. મહેતા, શ્રીમહેન્દ્રસિહ ગોહેલ, શ્રીનીતિનભાઈ મણિયાર, શ્રીઅનિલભાઈ દેસાઇ, ડો.રવિરાજ ગુજરાતી, શ્રીનારણભાઈ લાલકિયા, શ્રીનીરજભાઈ પાઠક તથા શ્રી મનુભાઈ ધાંધાએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ જૈન તપગચ્છ સંઘ દ્વારા ૧૩૨ વર્ષ જુની રાજકોટ મહાજન પાંજરાપોળને રૂા. પાંચ લાખનો ચેક અપાયો

## ૫૫૦૦થી વધુ જીવ સંભાળતી રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળના ટ્રસ્ટીઓ દ્વારા રાજકોટ જૈન તપગચ્છ સંઘનો આભાર માનવામાં આવ્યો



રાજકોટઃ

આ વર્ષના ચોમાસામાં મેઘરાજાની અમીદ્દષ્ટિ ન થતા દુષ્કાળના એંધાણ ઉભા થયા છે. એક બાજુ મોંઘવારી છે અને તેમાંય વરસાદની ઘટ રહેતા બેવડો માર પડયો છે. અબોલ જીવો માટે ઘાસચારો મળવો મુશ્કેલ બન્યો છે. પાંજરાપોળ અને ગૌશાળા માટે કપરો સમય છે. જો વરસાદની ખાદ રહેશે તો આગામી દિવસો વિકટ બનવાના અણસાર છે. રાજકોટ તપગચ્છ જૈન સંઘના પ્રમુખ જીતુભાઈ ચા વાળા, ઉપપ્રમુખ પંકજભાઈ કોઠારી, મણિયાર દેરાસરના કન્વીનર અરૂણભાઈ દોશી, રાજકોટ મહાજન પાંજરાપોળના ટ્રસ્ટી મુકેશભાઈ બાટવીયા, દિપકભાઈ મહેતા તથા મારવાડી સમાજના અગ્રણી, જૈન શ્રેષ્ઠી હીરાચંદભાઈ શાહે જણાવેલ હતું. રાજકોટ જૈન તપગચ્છ સંઘના પ્રમુખ જીતુભાઈ ચા વાળાએ પર્યુષણના આઠ દિવસ દરમ્યાન જીવદયાનો માતબર ફાળો એકઠો થતા આજે રૂા.પાંચ લાખનો ચેક રાજકોટ પાંજરાપોળને રાજકોટમાં પાંજરાપોળના મુકેશભાઈ બાટવીયા તથા પંકજભાઈ કોઠારીને જૈન અગ્રણી પ્રદીપભાઈ શાહ તથા અંકુરભાઈ શાહની હાજરીમાં અર્પણ કરાયો હતો. જીતુભાઈ ચા વાળાએ જણાવ્યું કે રાજકોટ મૂર્તિપૂજક જૈન સંઘ સંચાલિત માંડવી ચોક દેરાસર, મણિયાર, જાગનાથ તથા પટ્ટણી દેરાસરમાં પર્યુષણ પર્વમાં એકત્રિત થયેલી રકમ તથા માંડવી ચોક દેરાસરમાં રાત્રીના યોજાતા ભકિત સંગીતના કાર્યક્રમમાં જીવદયા માટેની આવેલી રકમ અમેરિકા તથા બરોડાના સુશ્રાવકો તરફથી પણ જીવદયાનો ફાળો આવેલ હતો. તે રકમ એકત્રિત કરીને રૂા.પાંચ લાખનો ચેક રાજકોટ પાંજરાપોળને આપવામાં આવેલ છે. રાજકોટના જૈન સંઘોમાંથી આટલી માતબર રકમનો ફાળો પ્રથમ વખત થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું કે આ વખતે પર્યુષણ પછીનું સંઘ જમણ માંડવી ચોક દેરાસરની ૨૦૧મી સાલગીરીના દિવસે થશે. તેમણે અપીલ કરી છે કે રાજકોટના ૪૭ સંઘોએ ખર્ચમાં કાપ મુકીને જીવદયાના કાર્યમાં ફાળો આપવો. પાંજરાપોળ અને ગૌશાળામાં સચવાતા અબોલ જીવોની દશા ચિંતાજનક છે. અનુદાન અર્પણ કરવા માટે ફક્ત ચેક ડિપોઝિટ ખાતા નંબર, રાજકોટ મહાજન પાંજરાપોળ બૅન્ક ઑફ ઈન્ડિયા ખાતા નંબર ૩૧૦૧૧૦૧ ૦૦૦૧૧૩૯૨ છે. ફોન નંબર ૦૨૮૧-૨૪૫૭૦૧૯, ૨૪૫૮૯૭૬. છે. વધુ વિગત માટે પાંજરાપોળના મેનેજર ભાવેશભાઈ જલુ ૯૬૩૮૪૩૩૦૭૦ નો સંપર્ક કરી શકાય છે. સમગ્ર જાહેર જનતાને આ સમયે અબોલ જીવ માટે ૧૩૨ વર્ષ જૂની રાજકોટ મહાજનશ્રીની પાંજરાપોળ માં આશ્રય લેતા અબોલ જીવો માટે દાનની જોળી છલકાવવા માટે શ્રી શ્રેયાંસભાઈ વિરાણી, શ્રી કરણભાઈ શાહ, શ્રી મુકેશભાઈ બાટવીયા, શ્રી પંકજભાઈ કોઠારી, શ્રી સુમનભાઈ કામદાર વગેરે દ્વારા અપીલ કરવામાં આવેલ છે.

# રાજકોટ શહેર ભાજપ દ્વારા 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાયો



રાજકોટ,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે તેમના દીર્ઘાયુ, નિરોગી અને સ્વસ્થ આરોગ્ય માટે રાજકોટ મહાનગર ભાજપ દ્વારા 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રજ્વલિત કરાયેલો દીવો વડાપ્રધાન ની ૨૫ વર્ષની જનસેવા પ્રત્યે આભાર અને 'વિકસિત ભારત ૨૦૪૭'ના સામૂહિક સંકલ્પનું પ્રતીક બન્યો હતો.

૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી આયોજિત સેવા અને સુશાસન અભિયાન અંતર્ગત સાંજે ૭:૦૦ કલાકે શ્રી ગણપતિ મંગલ મહોત્સવ ખાતે મહાઆરતી અને દીપ પ્રગટાવવાનો કાર્યક્રમ યોજાયો હતો.આ તકે પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળા, પૂર્વ રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરીયા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, શહેર પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર નેહલકુમાર શુક્લ, પદાધિકારીઓ, વિવિધ સમાજના અગ્રણીઓ અને કોલેજો તથા હોસ્ટેલના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ગુરુકુલમાં વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે વિદ્યાર્થીઓએ કરી સમૂહ આરતી –પ્રાર્થના કરી




રાજકોટ,

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન, ઢેબર રોડ, રાજકોટ ખાતે છાત્રાલય વિભાગ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬મા જન્મદિન નિમિત્તે વિશેષ સમૂહ આરતી, પ્રાર્થના અને ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય હેતુ વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ, સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરવાની સાથે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, દેશભક્તિ અને રાષ્ટ્રહિતની ભાવના વધુ મજબૂત કરવાનો રહ્યો હતો. આ પ્રસંગે પૂજ્ય નારાયણપ્રસાદ સ્વામી, પૂજ્ય જ્ઞાનજીવન સ્વામી, પૂજ્ય હરિપ્રિયદાસજી સ્વામી, પૂજ્ય જનમંગલદાસજી સ્વામી સહિત ૧૧થી વધુ સંતો, ૩૫થી વધુ વ્યવસ્થાપક ભાઈઓ તેમજ ૧૮૦૦થી વધુ છાત્રાલયના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દુબઈમાં આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં રાજકોટના ડો. સુરેશ જોશીપુરાએ વક્તવ્ય આપ્યું




રાજકોટ,

દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે આયોજિત ભવ્ય આંતરરાષ્ટ્રીય 'દુબઈડર્મા' કોન્ફરન્સમાં રાજકોટના જાણીતા સ્કીન સ્પેશ્યાલીસ્ટ ડો. સુરેશ જોશીપુરાએ ફેકલ્ટી/સ્પીકર તરીકે વિશેષ વક્તવ્ય આપ્યું હતું. વિશ્ર્વના ૧૧૪ દેશોમાંથી ૨૫,૦૦૦ જેટલા ડર્મેટોલોજીસ્ટ્સની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલી આ વૈશ્ર્વિક પરિષદમાં તેમણે પોતાના સંશોધન દ્વારા સૌરાષ્ટ્રનું નામ રોશન કર્યું છે.

ડો. જોશીપુરા અને એઈમ્સના ભૂતપૂર્વ ફેકલ્ટી ડો. જય મોઢા દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવેલા સંશોધન પેપરમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' (એઆઈ) ગમે તેટલું અદ્યતન થાય તો પણ તે ક્યારેય ચામડીના નિષ્ણાત ડોક્ટરનંથ સ્થાન લઈ શકશે નહીં. જોકે, ડર્મેટોલોજીસ્ટ પોતાના જ્ઞાન અને દીર્ઘ અનુભવની સાથે એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને દર્દીઓનું વધુ ચોકસાઈપૂર્વક નિદાન અને સચોટ સારવાર કરી શકશે.

# અમદાવાદ ગુરુકુળ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ અને સેવાના ૨૫ વર્ષ નિમિત્તે ભવ્ય મહાઆરતી યોજાઈ



અમદાવાદઃ

સ્વામિનારાયણ ગુરુકુળ અમદાવાદ ખાતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ તેમજ તેમની જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે એક ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ઋષિકુમારો દ્વારા યજ્ઞ અને ગૌપૂજન કરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે યોજાયેલી ભવ્ય દીપમાળા અને મહાઆરતીથી સમગ્ર પરિસર ભક્તિમય બની ગયું હતું. આ પ્રસંગે આશીર્વચન આપતા પ.પૂ. સ્વામીજીએ જણાવ્યું હતું કે, "નરેન્દ્રભાઈ ઈશ્વરે કોઈ ખાસ કાર્ય માટે નિમિત્તે મોકલેલા દિવ્ય પુરુષ છે. તેમના મજબૂત નેતૃત્વમાં ભારત સમસ્ત વિશ્વમાં આત્મનિર્ભર, સમૃદ્ધ અને સંસ્કારી બનીને શિર ઊંચું કરીને ઊભું છે." આ સાથે જ તેમણે દેશવિકાસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના યોગદાનને પણ બિરદાવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખાસ ઉપસ્થિત રહીને ઠાકોરજી સમક્ષ દીપ પ્રાગટ્ય કર્યું હતું અને વડાપ્રધાનના દીર્ઘાયુ તેમજ નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી મહાઆરતીનો લાભ લીધો હતો. આ ભવ્ય ઉજવણીમાં અમદાવાદના મેયર હિતેશ બારોટ, શહેર ભાજપ પ્રમુખ પ્રેરક શાહ સહિત અનેક મહાનુભાવો અને બોહળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વચ્છતા મહાઅભિયાનમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા જોડાયા




રાજકોટ,વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના 'સેવા સમર્પણના ૨૫ વર્ષની દેશવ્યાપી ઉજવણીના ભાગરૂપે રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા એક ભવ્ય 'સ્વચ્છતા મહાઅભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય અને રાષ્ટ્રવાદી અભિયાનમાં રાજકોટ દક્ષિણ વિધાનસભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ ખાસ ઉપસ્થિત રહીને યુવા સ્વયંસેવકોનો ઉત્સાહ વધાર્યો હતો.શ્રમદાન કરી આ સફાઈ યજ્ઞની શરૂઆત કરાવી હતી.અભિયાનની શરૂઆત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલી સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી.

# ઈસ્કોન મંદિર ખાતે શનિવારે રાધાષ્ટમી મહોત્સવની ભવ્ય ઉજવણી કરાશે: વિશેષ નૌકાવિહાર મુખ્ય આકર્ષણ બનશે

રાજકોટઃ

શ્રી શ્રી રાધાનીલમાધવ ધામ, ઈસ્કોન મંદિર રાજકોટ ખાતે શનિવાર, ના રોજ શ્રીમતી રાધારાણીના અવિર્ભાવ પર્વ રાધાષ્ટમી મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ પાવન પ્રસંગે ભગવાન રાધા નીલમાધવના વિશેષ શૃંગાર દર્શન, મહાઅભિષેક, હરિનામ કીર્તન, પ્રવચન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને મંદિર પ્રાંગણમાં ભવ્ય નૌકાવિહારનું આયોજન કરવામાં આવ્યું છે.ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા દાસ પ્રભુજીએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવના ૧૫ દિવસ બાદ રાધાષ્ટમીનો પાવન અવસર આવે છે. રાધારાણી ભગવાનની આંતરિક હ્લાદિની શક્તિ છે અને ગૌડીય વૈષ્ણવ પરંપરામાં તેમનું સ્થાન અત્યંત સર્વોચ્ચ છે. તપ્તકાંચન ગૌરાંગી અને વૃંદાવનેશ્વરી તરીકે ઓળખાતા પરમ કરુણામયી રાધારાણીનો પ્રાગટ્ય દિવસ તમામ ભક્તો માટે અત્યંત આનંદ અને ભક્તિમય પર્વ છે.

ઉજવણીના ભાગરૂપે સાંજે ૬:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમિયાન વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો, કીર્તન તથા રાધાજીના મહિમા પર પ્રવચન યોજાશે. આ ઉત્સવનું મુખ્ય આકર્ષણ સાંજે ૭:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમિયાન યોજાનાર નૌકાવિહાર રહેશે, જેમાં ઉત્સવ વિગ્રહોને મંદિર પ્રાંગણમાં ખાસ તૈયાર કરાયેલા સરોવરમાં સુશોભિત નૌકામાં વિહાર કરાવવામાં આવશે.ઈસ્કોન મંદિર પરિવાર દ્વારા રાજકોટની ધર્મપ્રેમી જનતાને આ ભવ્ય મહોત્સવમાં પરિવાર સાથે પધારી દર્શન તથા નૌકાવિહારનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# નીમ કરોલી બાબાએ મોરબીના વાવણિયા ગામે કરી હતી હનુમાનજીની સાધના

## ઉત્તરાખંડના કૈંચી ધામ અને વૃંદાવન ઉપરાંત ગુજરાત સાથે છે નાતોઃ લક્ષ્મી નારાયણ શર્મા નામથી ઉત્તર પ્રદેશમાં થયો હતો જન્મ



મોરબી

નીમ કરોલી બાબાના દુનિયાભરમાં કરોડો ભક્તો છે, જેમાં વિરાટ કોહલી જેવા ક્રિકેટર, માર્ક ઝુકરબર્ગ જેવા ઉદ્યોગપતિઓ અને અનેક કલાકારો સામેલ છે. બાબાને હનુમાનજીના પરમ ભક્ત અને અવતાર માનવામાં આવે છે. ઉત્તારાખંડના કૈંચી ધામ અને વૃંદાવન વિશે તો સૌ કોઈ જાણે છે, પરંતુ બહુ ઓછા લોકોને ખબર છે કે ગુજરાતના મોરબી જિલ્લાના વાવણિયા ગામ સાથે પણ નીમ કરોલી બાબાનો મોટો ઈતિહાસ જોડાયેલો છે.

નીમ કરોલી બાબાનું મૂળ નામ લક્ષ્મી નારાયણ શર્મા હતું અને તેમનો જન્મ ઉત્તર પ્રદેશના અકબરપુર ગામમાં થયો હતો. લોકવાયકાઓ મુજબ, તેઓ ફરતા ફરતા મોરબીના વાવણિયા ગામે પહોંચ્યા હતા અને ગામના તળાવની પાળે આવેલા હનુમાન મંદિરમાં વર્ષ ૧૯૧૦થી ૧૯૧૭ સુધી એટલે કે આશરે ૭ વર્ષ સુધી રહીને હનુમાનજીની સાધના કરી હતી. તેઓ તળાવના પાણીમાં રહીને તપસ્યા કરતા હોવાથી સ્થાનિક લોકો તેમને 'તળાવિયા બાબા' અથવા 'તૈલિયા બાબા' તરીકે ઓળખતા હતા. વાવણિયાના આ પવિત્ર હનુમાન મંદિરમાં બજરંગબલીની મૂર્તિની સ્થાપના પણ બાબાએ જ કરી હોવાનું મનાય છે, જેનો હાલ જીર્ણોદ્ધાર કરીને ભવ્ય મંદિર પરિસર વિકસાવવામાં આવ્યું છે.

મહાન સંતો અને ગુરુઓના જીવન સાથે જોડાયેલા આવા ઐતિહાસિક સ્થળો માત્ર આસ્થાનું કેન્દ્ર જ નથી બનતા, પરંતુ તે ક્ષેત્રની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ઓળખને પણ વૈશ્વિક સ્તરે ઉજાગર કરે છે.

# રાજકોટ જીલ્લામાં ગૌશાળા -પાંજરાપોળ માટે લીલો-સૂકો ઘાસચારો તાકિદે રીલીઝ કરાવવા આવેદનપત્ર



રાજકોટ,

કુવાડવા પાસે આવેલ સિધ્ધાકર્થ ગૌશાળા અને અન્ય-ગૌશાળાના અગ્રણીઓએ કલેકટરને આવેદન પાઠવી ગૌશાળા પાંજરા પોળના અછતના કારણે તાત્કા લીક સુકો ઘાસ ચારો ફાળવવા માંગણી કરી હતી.

આવેદનમાં ઉમેર્યુ હતું કે રાજકોટ સૌરાષ્ટ્રણમાં આ વર્ષે વરસાદ ઓછો પડવાથી સુકા ઘાસચારની ખુબજ અછત સમર્જયેલી છે. જેના કારણે ગૌશાળામાં હાલ પૂરતો લીધો-સૂકો ઘાસચારો ન હોય અને અમારી સંસ્થાકમાં અંદાજીત ૬૦૦થી વધુ ગૌવંશ તેમજ ગૌમાતને નિભાવ કરવામાં આવતો હોવાથી ખુબજ મુશ્કેલી હોવાથી આપને વિનંતી છે કે જંગલખાતાને સૂચના આપી જે સૂકો-ઘાસચારો રીઝર્વ રાખવામાં આવેલ હોય તે ઘાસચારો ગૌશાળામાં વિતરણ કરવા આદેશો કરશો. અમોએ આ પહેલા પણ આપને અને ૧૪મીએ મૂખ્યમંત્રીને રજૂઆતો કરેલ છે. પોરબંદર, દ્વારકા, કચ્છ -ભૂજના તાલૂકાઓમાં ફોરેસ્ટ ખાતામાંથી ઘાસ અપાઇ રહયું છે. તો રાજકોટ જીલ્લામાં કેમ નથી અપાતુ તેવો વેધક સવાલ કરાયો હતો.

# છેલ્લા બાવીસ વર્ષથી નાસતા ફરતા ૪ આરોપીઓને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોડ અમરેલી

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા નાસતા ફરતા આરોપી તથા નામદાર કોર્ટોના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસોના આરોપીઓ પકડવા ખાસ અસરકારક કામગીરી કરવા જરૂરી સુચના આપેલ હોય પેરોલ ફર્લો સ્ક્વોર્ડ દ્વારા એડી. ચીફ જ્યુડી. મેજી.ની કોર્ટ, ધારીના ફોજદારી કેસ નં.૨૩૯/૨૦૦૪ મુજબના ક્રિમીનલ ટાર્ગેટેડ કેસના નાસતા ફરતા આરોપીઓ બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નીકલ સોર્સ આધારે હકીકત મેળવી તા.૧૫ ના રોજ ક્રિમીનલ ટાર્ગેટેડ કેસના નાસતા ફરતા ૩ આરોપીઓને નીજાનંદ આશ્રમ, વાસણા (છોટા ઉદેપુર) ખાતેથી તેમજ એક આરોપીને વેજલપુર જિ.અમદાવાદ) ખાતેથી પકડી આગળની ઘટતી કાર્યવાહી સારૂ ધારી પોલિસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

આ ક્રિમીનલ ટાર્ગેટેડ કેસમાં પેરોલ ટીમ દ્વારા છેલ્લા ચાર માસથી નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા બાબતે ખૂબ જ ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવેલ જે તપાસમાં આરોપીઓ વિરૂદ્ધમાં દાખલ થયેલ કેસ બાબતની વિગત નામ. એડી. કોર્ટ, ધારીથી મેળવવામાં આવેલ તેમજ આરોપીઓ સદર કેસ સમયે ધારી તાલુકાના દલખણીયા વિસ્તારમાં રહેતા હતા અને તેમનુ મુળ ગામ બગસરા ખાતે હતુ. જેથી ટીમ દ્વારા સદર બંને જગ્યાએ હ્યુમન ઈન્ટેલીજન્સથી તપાસ કરવામાં આવેલ પણ કોઈ ફળદાયક હકીકત મળેલ નહી. તેમજ સદરહું આરોપીઓ બાબતે ઈગુજકોપ પોર્ટલ, ICJS પોર્ટલ, તથા ગાંડીવ પોર્ટલમાં આરોપીઓના નામ સર્ચ કરવામાં આવેલ પરંતુ તેમા પણ કોઈ ફળદાયક હકીકત મળેલ નહી.

ત્યારબાદ પેરોલ ટીમને અંગત બાતમીદાર મારફતે હકીકત મળેલ કે સદરહું કેસના મુખ્ય આરોપી હર્ષદભાઈ વ્યાસની દીકરી રાજકોટ સાસરે હોવાની હકીકત મળેલ જેથી રાજકોટ ખાતે હ્યુમન ઈન્ટેલીજન્સથી તપાસ કરાવતા સદર કેસના આરોપીઓ જે તે સમયે ધારી વિસ્તારમાં રહેતા હતા. ત્યાંથી પ્રથમ રાજકોટ શીફ્ટ થયેલ ત્યાં થોડા વર્ષો રહ્યા બાદ અમદાવાદ શીફ્ટ થયેલ ત્યારબાદ નર્મદા જિલ્લાના કેવડીયા વિસ્તારમાં શીફ્ટ થયેલ અને હાલમાં આ કેસના ત્રણ આરોપીઓ હર્ષદભાઈ શામળજીભાઈ ઉર્ફે શામળભાઈ વ્યાસ અને તેના બંને દીકરા સમીરભાઈ હર્ષદભાઈ વ્યાસ તથા નીરજ હર્ષદભાઈ વ્યાસ સંખેડા તાલુકાના વાસણા ગામે શીફ્ટ થયેલ હોય, જેમાં આરોપી




નીરવ જે હાલમાં સ્વામી નીજાનંદગીરી તરીકે નીજાનંદ આશ્રમ ચલાવતા હોવાની હકીકત અલગ અલગ માધ્યમથી મેળવવામાં આવેલ અને આરોપી મુકેશભાઈ વ્યાસ જે હાલમાં અમદાવાદ, વેજલપુર વિસ્તારમાં રહી મંદિરમાં સેવાપૂજા કરતા હોવાની હકીકત મેળવવામાં આવેલ જે તમામ માહિતી બાબતે ખરાઈ કરવામાં આવેલ ત્યારબાદ પેરોલ ટીમ દ્વારા સંખેડા તાલુકાના વાસણા ગામે જઈ સદર કેસના ૩ આરોપીને વાસણા આશ્રમ ખાતેથી તેમજ ૧ આરોપીને અમદાવાદ વેજલપુર ખાતેથી શોધી કાઢી અટક કરવામાં આવેલ છે. અને આગળની ઘટતી કાર્યવાહી સારૂ ધારી પોલિસ સ્ટેશન ખાતે સોંપી આપેલ છે.

# રેલવે લોકો પાઈલોટની સતર્કતાથી અકસ્માત ટળ્યો, સિંહણનો આબાદ બચાવ

## ગુડ્સ ટ્રેનને તાત્કાલિક થંભાવી માદા સિંહણનો જીવ બચાવી અકસ્માત ટાળવામાં સફળતા

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી: શેત્રુંજી વન વિભાગ હેઠળ આવતા લીલીયા રેન્જમાં ગઈકાલે મોડી રાત્રે વનવિભાગ અને રેલવે ટીમની સમયસૂચકતા અને ઉત્કૃષ્ટ સંકલનને કારણે એક મોટી દુર્ઘટના ટળી છે. અને એક માદા સિંહણનો સુરક્ષિત બચાવ થયો છે. આ બનાવમાં મળતી વિગત મુજબ લીલીયા તાલુકાના હાથીગઢ ગામથી લીલીયા તરફથી આવી રહેલ માઈલ સ્ટોન નંબર ૨૮/૧ અને ૨૮/૨ વચ્ચે ગઈકાલે મોડી રાત્રે એક સિંહણ અચાનક રેલવે ટ્રેક પર આવી ચડી હતી. ટ્રેક પર સિંહણ આવી જતાં સંભવિત અકસ્માતની ગંભીર સ્થિતિ સર્જાઈ હતી.



ઘટનાની જાણ થતાં જ ડી.સી.એફ. ચિરાગ અમીન અને એ.સી.એફ. રાજન જાદવના માર્ગદર્શન હેઠળ વનવિભાગની ટીમે તુરંત જ સ્થળ પર દોડી જઈ મોરચો સંભાળ્યો હતો. વનવિભાગના ફોરેસ્ટર ઈમરાન પઠાણ તેમજ વનમિત્રો અને રેલમિત્રની ટીમે પરિસ્થિતિ પર સતત નજર રાખીને સિંહણને બે વખત સુરક્ષિત રીતે ટ્રેક પરથી દૂર ખસેડી હતી.

વનવિભાગની સુચના અને સતર્કતાને પગલે ગુડ્સ ટ્રેનને તાત્કાલિક અડધા કલાક સુધી થંભાવી દેવામાં આવી હતી. સિંહણ સુરક્ષિત રીતે ટ્રેક ક્રોસ કરીને પોતાના કુદરતી રહેઠાણ તરફ જતી રહ્યા બાદ જ ગુડ્સ ટ્રેનને આગળ રવાના કરવામાં આવી હતી.

વનવિભાગ અને રેલવે ટીમોના પરસ્પર સંકલન અને ત્વરિત પગલાંને કારણે રેલવે ટ્રાફિક પણ સુચારુ રહ્યો હતો અને વન્યજીવનો જીવ બચાવીને મોટો અકસ્માત ટાળવામાં સફળતા મળી છે.

# આજે તો તને સળગાવી દેવી છે કહી ધમકી

## બરવાળા બાવીશીમાં ઉધારના રૂપિયા નહીં આપતા યુવતી પર પેટ્રોલ છાંટ્યું!




અમરેલી:વડીયાના બરવાળા બાવીશી ગામે દુકાને લીધેલી વસ્તુના પૈસાની ઉઘરાણી મુદ્દે મહિલાને દુકાનમાં બોલાવી માર મારવા તેમજ પેટ્રોલ છાંટી સળગાવી દેવાની બે શખ્સોએ ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. અગાઉ પણ દિયર સહિત બે લોકોને માર માર્યો હોવાનું યુવતીએ જણાવ્યું હતું.

વડીયાના બરવાળા બાવીશી ગામે દલિતવાસ વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષીય ઈલાબેન નરેશભાઈ ચાવડાએ દાદુભાઈ આહીરની દુકાનેથી રૂપિયા ૨૪૦૦નું કરિયાણું ઉધાર લીધું હતું.આ રકમની ઉઘરાણી અંગે દાદુભાઈએ તેણીના દિયર તથા જયસુખભાઈ સાથે બોલાચાલી કરી મારઝૂડ કરી હતી.બાદમાં ઈલાબેન બજારમાંથી દાદુભાઈની દુકાન પાસેથી પસાર થતાં તેમને દુકાનમાં બોલાવી ઉઘરાણી કરતા તેણીએ પોતાના પતિ રૂપિયા ચૂકવી દેશે તેમ જણાવતાં શખ્સે ચપ્પલ વડે માર મારી ઈજા પહોંચાડી અન્ય એક ભરતઆહીર નામના શખ્સે યુવતીનો હાથ પકડી રાખ્યો હોય અને દુકાનમાંથી પેટ્રોલનું ડબલું લાવી તેણીના શરીર પર છાંટી આજે તો તને જીવતી સળગાવી દેવી છે કહી મારી નાખવાની ધમકી આપી હતી.

આ દરમિયાન યુવતી દુકાનમાંથી ભાગીને બજારમાં આવી જઈ પોતાનો જીવ બચાવ્યો હોવાની ફરિયાદ આપી છે. આ અંગે વડીયા પોલીસે દાદુ આહીર અને ભરત આહીર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પશુઓને બચાવવા માટે સિંહણ સામે બાથ ભીડવા ઊભો રહી ગયો માલધારી!

## ગીરના માલધારીઓની સાવજ સાથેની સહઅસ્તિત્વની અનોખી ઝલક, સિંહણ શિકાર કર્યા વિના પરત ફરી, સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
ગીર જંગલ અને આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા માલધારીઓ માટે સાવજ કોઈ અજાણ્યો કે માત્ર ખતરનાક વન્યપ્રાણી નથી, પરંતુ વર્ષોથી સાથે જીવાતા જંગલના સહવાસી તરીકે પણ તેને જોવામાં આવે છે. ગીરના માલધારીઓ અને સિંહ વચ્ચેના આ અનોખા સહઅસ્તિત્વની વધુ એક ઝલક ધારી તાલુકાના ગઢીયા ચાવંડ ગામ નજીક જોવા મળી હતી. શિકારની શોધમાં આવેલી સિંહણ અને પશુઓના ટોળા વચ્ચેની સ્થિતિ વણસે તે પહેલાં જ એક પશુપાલક પોતાના પશુઓને બચાવવા સિંહણની સામે અડીખમ ઉભો રહી ગયો હતો.

આ બનાવમાં મળતી માહિતી મુજબ, ધારી તાલુકાના ગઢીયા ચાવંડ ગામ નજીક ગઈકાલે પશુપાલક પોતાના પશુઓને ચરાવવા માટે થઈ સાથે પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન શિકારની શોધમાં આવેલી એક સિંહણની નજર પશુઓના ટોળા તરફ પડી હતી. સિંહણ ધીમે ધીમે શિકાર તરફ આગળ વધતી હતી. અને બીજી તરફ પશુપાલકને પરિસ્થિતિનો અંદાજ આવી ગયો હતો. અને સિંહણ શિકાર ઉપર તૂટી પડે તે પહેલાં જ માલધારી વચ્ચે આવી ગયો હતો.

પશુપાલકે પોતાના પશુઓને બચાવવા માટે સિંહણને રસ્તો છોડીને દૂર જવા માટે હટાવવાના અનેક પ્રયાસો કર્યા હતા. જો કે, સિંહણ પણ જાણે રસ્તો છોડવા તૈયાર ન હોય તેમ પશુપાલકની સામે જ બેસી ગઈ હતી. એક તરફ શિકારની તક શોધતી સિંહણ અને બીજી તરફ પોતાના પશુઓને પરિવારના સભ્યોની જેમ સાચવતો માલધારી—બંને સામસામે આવી જતા રોમાંચક દૃશ્ય સર્જાયું હતું.

સિંહણને પોતાની સામે બેઠેલી જોઈને પશુપાલકના નાના પશુઓ પણ પાછળની તરફ ખસી ગયા હતા. પશુપાલક સતત સિંહણને રસ્તા પરથી હટાવવાના પ્રયાસ કરતો રહ્યો હતો. પરંતુ સિંહણ પોતાની જગ્યાએથી હટી ન હતી. આવી સ્થિતિમાં પોતાના પશુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આખરે પશુપાલકે વધુ જોખમ લેવાને બદલે પશુઓને લઈને પરત ફરવાનો નિર્ણય કર્યો હતો.

આ સમગ્ર ઘટનામાં સૌથી નોંધપાત્ર બાબતએ રહી કે પશુપાલકના કારણે સિંહણને શિકાર કરવાની તક મળી ના હોતી. શિકાર માટે આવેલી સિંહણને અંતે શિકાર કર્યા વિના જ પરત ફરવું પડ્યું હતું. સિંહણ, શિકાર અને માલધારી આમનેસામને આવી ગયેલી આ સમગ્ર ઘટના નજીકથી મોબાઈલ કેમેરામાં કેદ થઈ હતી.

ગીર વિસ્તારમાં માલધારીઓ અને સિંહો વચ્ચે વર્ષોથી એક પ્રકારનું સહઅસ્તિત્વ જોવા મળે છે. જંગલ અને જંગલની આસપાસના વિસ્તારોમાં વસવાટ કરતા માલધારીઓ સિંહોની હાજરીથી પરિચિત છે. અને સાવજની ચાલ-ઢાલને પણ ઓળખે છે. જોકે, સિંહ વન્યપ્રાણી હોવાથી તેની નજીક જવું કે તેને ઉશ્કેરવું જોખમી બની શકે છે. આ ઘટનામાં પણ પશુપાલકે અંતે પોતાના પશુઓને લઈને સ્થળ છોડ્યું હતું.

આ ઘટનાનો મોબાઈલ વીડિયો હવે સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં સિંહણ રસ્તા પર બેઠેલી અને સામે પશુપાલક પોતાના પશુઓ સાથે ઊભેલો જોવા મળે છે. સિંહણને હટાવવાના પ્રયાસો છતાં તે રસ્તો છોડતી ન હોવાથી માલધારી પોતાના પશુઓને લઈને પાછો ફરતો જોવા મળે છે. ગીરના માલધારીઓની જીવનશૈલી અને સાવજ સાથેના સહવાસની આ ઘટના ફરી એક વખત ચર્ચાનો વિષય બની છે.

સિંહણ સામે ડર્યા વિના જ ઊભા રહીને પોતાના પશુઓને બચાવનાર માલધારીની આ ઘટના માત્ર રોમાંચક દૃશ્ય પૂરતી સીમિત નથી, પરંતુ પશુપાલક અને તેના પશુઓ વચ્ચેના લાગણીસભર સંબંધની પણ ઝલક આપે છે. પશુઓને પરિવારના સભ્યો સમાન માનતા માલધારીએ જીવના જોખમ વચ્ચે પણ તેમને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સિંહણને શિકાર ન મળે તે બાદ પશુપાલકે પણ પરિસ્થિતિને વધુ ગંભીર બનતી અટકાવી પોતાના પશુઓ સાથે પરત ફરવાનું પસંદ કર્યું હતું.

# લીલીયામાં મુખ્ય માર્ગોથી લઈ શેરી-ગલીઓમાં કાદવ, ભુવાનું સામ્રાજ્ય

લીલીયા:
લીલીયા શહેરમાં રોડ-રસ્તાઓની દુર્દશા એટલી હદે વધી ગઈ છે કે મુખ્ય માર્ગોથી લઈને આંતરિક શેરી-ગલીઓમાં કાદવ, કીચડ અને મસમોટા ભુવાઓનું સામ્રાજ્ય છવાઈ ગયું છે.

ચોમાસા કે સામાન્ય દિવસોમાં પણ અહીંથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. જેના કારણે સ્થાનિક નાગરિકો અને વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને ત્રાહિમામ પોકારી ગયા છે.

શહેરમાં ચાલતી નલ સે જલ યોજના અને ભૂગર્ભ ગટર રીનોવેશનની કામગીરીમાં સરકારના તમામ ધારા-ધોરણોને નેવે મૂકવામાં



આવ્યા છે.

જવાબદાર શાસક પક્ષના સત્તાધીશો અને તંત્ર આ સમસ્યા હલ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યા છે. આડેધડ ખોદાયેલા રોડ-રસ્તાઓ અને ભ્રષ્ટાચારના આ ગંભીર મુદ્દે હવે શહેરમાં રોષ ફેલાયો છે.જો ઉચ્ચ કક્ષાએથી આ તમામ વિકાસ કાર્યોની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો અનેક જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓની ઘોર બેદરકારી અને પોલ ખુલ્લી પડ છે.

# ચુલા રિપેર કરવાનું કહી પરિણીત મહિલા બે બાળકો સાથે ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં મુકાયો

અમરેલી:
બગસરા તાલુકાના હાલરીયા ગામેથી એક પરિણીત મહિલા પોતાના બે બાળકો સાથે ગુમ થઈ જતાં પરિવાર ચિંતામાં મુકાયો છે. ગેસના ચૂલા રિપેર કરાવવા જવાનું કહી ગયા હોય જે પરત નહીં આવતા શોધખોળ આદરી છે.

બગસરાના હાલરીયા ગામે રહેતા વિપુલભાઈ દેવરાજભાઈ રાઠોડનાં પત્ની સેજલબેન રાઠોડ (ઉં.વ.૩૦) ગત તા. ૧૨ સપ્ટેમ્બર,ના રોજ બપોરે આશરે ૨:૩૦ વાગ્યાના અરસામાં પોતાની પુત્રી માહી (ઉં.વ.૧૦) અને પુત્ર જેનીલ (ઉં.વ.૬)ને સાથે લઈ ગેસના ચુલા રિપેર કરાવવા જવાનું કહી ઘરેથી નીકળ્યાં હતાં.

જોકે, ત્યારબાદ સેજલબેન તથા બંને બાળકો ઘરે પરત ફર્યા ન હતા. પરિવારજનોએ આસપાસના વિસ્તારો તેમજ સગા-સંબંધીઓમાં શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતાં અંતે તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ વિપુલભાઈ દેવરાજભાઈ રાઠોડ દ્વારા આ અંગે જાણ કરવામાં આવી હતી. પોલીસે ગુમ થયેલી મહિલા તથા બંને બાળકોની શોધખોળ હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# પાંચ શખ્સોએ યુવકને લાકડી-પાઈપથી ફટકાર્યો

## સોશિયલ મીડિયા પર યુવતીનો ફોટો વાયરલ કરવા બાબતે બે પક્ષો વચ્ચે મારામારી

અમરેલી:અમરેલી શહેરના હનુમાનપરા વિસ્તારમાં સોશિયલ મીડિયા પર ફોટો મૂકવાના મામલે યુવતી અને યુવક વચ્ચે થયેલા વિવાદ બાદ બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.યુવતીનો પીછો કરી સાથે ફોટો પાડી સોશિયલ મીડિયામાં અપલોડ કરતા યુવતીના પરિજનોએ યુવકને મારમાર્યો હોવાની સામસામી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

હનુમાનપરા, અમરેલી ખાતે રહેતી ૧૯ વર્ષીય યુવતી પોતાની માતાનો મોબાઈલ ફોન વાપરતી હતી ત્યારે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પ્રશાંત ઉર્ફે સતુ મુકેશભાઈ જાદવના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી રિક્વેસ્ટ આવી હતી.ત્યારબાદ બંને વચ્ચે સોશિયલ મીડિયા મારફતે વાતચીત થતી હતી. આ અંગે પરિવારજનોને જાણ થતાં યુવતીએ વાતચીત બંધ કરી દીધી હતી. છતાં પણ યુવક યુવતીનો પીછો કરતો હતો અને ગત તા.૨૮ ફેબ્રુઆરીના રોજ અમરેલી ગાંધીબાગ નજીક યુવતી સાથે કથિત રીતે પરાણે ફોટો પાડી લઈ બાદમાં પોતાના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક એકાઉન્ટ પર વાયરલ કરી યુવતીને બદનામ કરી હોવાની પ્રશાંત જાદવ વિરુદ્ધ ફરિયાદ આપી છે.તો સામે પ્રશાંતભાઈ મુકેશભાઈ જાદવે પણ ફરિયાદ છે કે તેણે યુવતી સાથેનો ફોટો પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની સ્ટોરીમાં મૂક્યો હતો. આ બાબતનું મનદુઃખ રાખીનેપાંચ શખ્સોએ યુવકને રસ્તામાં લાકડી અને પાઈપ વડે માર મારી ઈજા પહોંચાડી હતી. તેમજ મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે અમરેલી પોલીસે પ્રશાંત જાદવ તેમજ યુવતીના પરિજનો સહિત કુલ છ શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જાહેરમાં જુગાર રમતા ૫ ઈસમોને પકડી પાડતી બગસરા પોલીસ

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:
અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં દારૂ-જુગારના કેસો શોધી આવી અસામાજીક પ્રવૃતિ સદંતરે બંધ થાય તેવી અસરકારક કામગીરી કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને ધારી ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક જયવીર ગઢવીને મળેલ બાતમીના આધારે બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા બગસરા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બગસરા ટાઉનના જુના રેલ્વે સ્ટેશન પાછળ જાહેરમાં ગંજીપત્તાના પાના તથા પૈસા વડે તીનપતી નામનો હારજીતનો જુગાર રમતા રોકડા રોકડ રૂપિયા ૧૦,૨૫૦ જુગાર લગત



મુદામાલ સાથે બગસરા ગામે રહેતા મહેશભાઈ ભરતભાઈ સોલંકી, મનુભાઈ જસાભાઈ ઘોડાસરા, જયંતીભાઈ ભરતભાઈ સોલંકી, પંકજભાઈ પરશોતમભાઈ કુકવાવા તથા કૌશીક બાબુભાઈ મકવાણા સહીત પાંચ ઈસમોને ઝડપી લીધા હતા.

# જૂનાગઢની નોબલ આયુર્વેદિક કોલેજની માન્યતા રદ

## બોગસ શિક્ષકો અને લાંચ કૌભાંડ સામે NCISMનું મોટું પગલું, ગુજરાતની ૭ કોલેજની મંજૂરી રદ કરાઈ

જુનાગઢ:નેશનલ કમિશન ફોર ઈન્ડિયન સિસ્ટમ ઓફ મેડિસિનના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. દેશભરમાંથી નિયમોનું ઉલ્લંઘન કરતી અને શૈક્ષણિક ધોરણો જાળવવામાં નિષ્ફળ રહેલી કુલ ૪૮ આયુર્વેદ કોલેજોની BAMS કોર્સ માટેની મંજૂરી રદ કરવામાં આવી છે.આ યાદીમાં ગુજરાતની ૭ કોલેજો ઉપરાંત મધ્ય પ્રદેશની ૯, કર્ણાટકની ૮, ઉત્તર પ્રદેશની ૭, પંજાબની ૪, મહારાષ્ટ્રની ૩, રાજસ્થાનની ૩, હરિયાણાની ૨ તેમજ બિહાર, છત્તીસગઢ, નવી દિલ્હી અને ઉત્તરાખંડની ૧-૧ કોલેજોનો સમાવેશ થાય છે.




તપાસ દરમિયાન સામે આવ્યું છે કે અનેક કોલેજોમાં શૈક્ષણિક ફેકલ્ટી માત્ર 'કાગળ પર' (On-Paper Faculty) જ દર્શાવવામાં આવી હતી. આ શિક્ષકો વાસ્તવમાં કોલેજમાં હાજર રહી પોતાની વાસ્તવિક ફરજો બજાવતા ન હતા. આ ગંભીર બેદરકારી સામે પગલાં લેતા NCISM ના પ્રમુખ ડૉ. મુકુલ પટેલે આવી બોગસ ફેકલ્ટીના 'ટીચર કોડ' ૧ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે. આ પ્રતિબંધિત ગાળામાં આ શિક્ષકો કોઈપણ તબીબી સંસ્થામાં સેવા આપી શકશે નહીં તથા તેમનો અનુભવ પણ માન્ય ગણાશે નહીં.

જૂનાગઢની નોબલ આયુર્વેદ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની શૈક્ષણિક વર્ષ ૨૦૨૬–૨૭ માટે ૧૦૦ મ્છસ્જી બેઠકોની મંજૂરી રદ કરવામાં આવી છે. આ કોલેજમાં ૧૩ બોગસ શિક્ષકોને કાયદેસર ઠેરવવા અને સાનુકૂળ ચકાસણી રિપોર્ટ મેળવવા માટે રૂ.૧૦ લાખની લાંચ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. NCISMની હીયરિંગ કમિટીના સભ્ય ડૉ. રૂપાલી મહાડીકને તપાસ સોંપાતા, કોલેજના પ્રોફેસર ડૉ. અભય નાલવડે અને ટ્રસ્ટી પ્રતીક મોરીએ તેમને રૂ. ૧૦ લાખની લાંચની ઓફર કરી હતી.

# અમરેલી-લીલીયા રોડ પર સાઈડમાં પડેલા ટ્રક સાથે અથડાતા બાઈક ચાલક તરૂણનું મોત

અમરેલી:અમરેલી-લીલીયા રોડ પર લાલાવદર ગામ તરફ જતા માર્ગ પર બાઈક લઈને જતા તરૂને સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક સાથે અથડાઈ જતા સલડી ગામના એક કિશોરનું મોત નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે.

અમરેલી લાલાવદર માર્ગ પર ગઈ કાલે બપોરે અકસ્માતની ઘટના બની હતી. સલડી ગામના અશોકભાઈ પ્રાગજીભાઈ સાપરાના ૧૭ વર્ષીય પુત્ર ધ્રુવ સાપરા GJ-05-TG-4101 નંબરનું બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો.દરમિયાન વાહન પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવતાં સ્ટિયરિંગ પરથી પોતાનો કાબુ ગુમાવી બેસતા ત્યાં સાઈડમાં પડેલા GJ-03-AT-1452 નંબરના ટ્રક સાથે અથડાઈ ગયો હતો.

અકસ્મતમાં ધ્રુવને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર મળે તે પહેલાંજ તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પિતા અશોકભાઈ સાપરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માતની ઘટનાને લઈને વધુ કાર્યવાહી હાથ ધરી છે.